
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩

અંક : ૧૦




## નૂતન વર્ષાભિનંદન...

એટલા કડવા ના બનો જેથી લોકો થુંકી નાખે, એટલા મીઠા ના બનો જેથી લોકો ચાવી નાખે

**Teen Sex Down, Condom Use Up**

The percentage of teens 15 to 19 years old reporting that they have had sexual intercourse has continued a long-term decline and now stands at just over 40%, according to CDC survey data from 2006 to 2010.

Notably, the long-standing gender gap in adolescent sexual experience appears to have vanished, thanks to an especially steep decline in the proportion of boys and young men who reported having lost their virginity.

When a similar survey was conducted in 1988, 51.1% of unmarried teen girls/women and 60.4% of teen boys/ men said they had had sexual intercourse at some point. In 2006-2010, these figures fell to 42.6% of women and 41.8% of men.

At the same time, among those who reported having sex, the proportion who used condoms during their first encounter has risen to 80% among males and 60% among females, the CDC reported. In the 1988 survey, barely half of either sex reported condom use at first sex.

The findings came from the agency's National Survey of Family Growth (NSFG), which the agency has conducted periodically since 1988. In the most recent round, the survey involved 4,662 teens 15 to 19 years old, split about evenly between the sexes. Previous versions of the survey were given in 2002, 1995, and 1988.

For some sexual behaviors that adults typically try to encourage in teens, the numbers suggested that progress has been made:

oContraception use at first sex: 68.9% of women and 71.4% of men in 1988; 78.3% of women and 85.4% of men in 2006-2010

oContraception use at last sex: 79.9% of women and 84.2% of men in 1988; 85.6% of women and 92.5% of men in 2006-2010

oUsed condom 100% of the time in past four weeks: 41.4% of women and 88.2% of men in 1988; 49.0% of women and 88.5% of men in 2006-2010

Perhaps less encouraging, young women had become more likely to report a history of multiple sex partners.

Among sexually experienced, unmarried teen women, 43.6% said in 1988 that they had had three or more partners in their lifetimes. In the 2006-2010 survey, the number increased to 48.6%.

માણસ જન્મે ત્યારે ઝભલાને ખીસું નથી હોતું, માણસ મરે ત્યારે કફનને ખીસું નથી હોતું.

The increase was seen both among respondents saying they had had three to five partners and among those reporting six or more.
Adolescent men, on the other hand, were more likely to report having three to five partners (32.6% versus 28.6% in 1988) but less likely to say they had had six or more (22.4% versus 26.7% in 1988).
Also, compared with 1988, young women in the most recent survey were more likely to report that their first sex was with a new acquaintance, "just a friend," or occasional dating partner, and less likely to have been with a steady boyfriend.
The opposite was true for young men. Still, there remained a large gap between sexes in the nature of relationships at first sex: 56% of boys/men versus 70% of girls/women said their first encounter was with a steady dating partner. Nearly twice as many adolescent men as women said their first sex was with a new acquaintance or "just friends" (28% versus 16%).
For the first time in the 2006-2010 edition, the NSFG asked adolescents about the "wantedness" of their first sexual encounters.
Some 11% of the females and 5% of males indicated that they "didn't really want it to happen at the time," whereas 41% of the teen women and 63% of the men were eager for it.
A middle option, "mixed feelings," was selected by 48% of the girls/ women and 33% of boys/men.
Source:
http://www.medpagetoday.com/Pediatrics/GeneralPediatrics/29016
By John Gever, Senior Editor,
October 12, 2011

આકાશમાં વિમાન ઉડે છે. સમુદ્રમાં સ્ટીમર તરે છે સડક પર મોટર દોડે છે. છતાં પદયાત્રા કરીને તીર્થયાત્રા કરવાનું આકર્ષણ કેમ કયારેય ન ઘટયુ તે જાણવુ હોય તો રોજ સવારે મોર્નીંગ વોક કરનારને મળો. સવારની દોડથી શરીરને સ્ફુર્તિ મળે, તીર્થયાત્રાથી આત્માને સ્ફુર્તિ મળે.

*– આચાર્ય 'વાત્સલ્યદીપ' સૂરિજી*

**સ્મરણ**

મનભાવતા ભોજન પર કાબુ ના રાખો તો રોગ થાય છે. હંમેશા પેટને પુછીને ખાવું જીભને પુછીને નહી. જેને ભુખ ના હોય એને ભોજન માં સ્વાદ ના આવે. જીવનમાં પોલીસ, વકીલ, દાકતરથી બચવું જોઈએ તે દુર એટલા સારા.

***જાગતાની સાથે જ મરણનું સ્મરણ કરો તો જ જીવનનું મહત્વ સમજાશે.***

## તાલીમ આયોજન

ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતીઓની તાલીમ યોજવા સંબંધી આયોજન કરવા માટે તા.૧૧/૧૦/૧૧ના રોજ વિસાવદર ખાતે યોજાયેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રીઓ તથા આરોગ્ય સેવા સાથે સંકળાયેલ સ્ટાફની મીટીંગમાં સંસ્થાની આ કાર્ય માટેની ટીમના સભ્યોએ હાજરી આપી હતી.



ડો. એલ. ટી. વાજા (બ્લોક હેલ્થ ઓફીસર) સાથે સંસ્થાની ટીમ

વિસાવદર તાલુકાનાં આરોગ્યતંત્ર સાથે પરામર્શ



ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતીઓના કાર્ય અને તેના સંચાલન સંબંધી માહિતીની આપલે તથા તેની તાલીમના આયોજન અને વિષય વસ્તુ માટે જરુરી વિગતો અંગે ડો. એલ. ટી. વાજા (બ્લોક હેલ્થ ઓફીસર–વિસાવદર), ડો. એચ. બી. શેખાત (મેડીકલ ઓફીસર–મોણપરી), ડો. એચ. કે. ગેડીયા (મેડીકલ ઓફીસર–કાલસારી), ડો. કે. ડી. દેવમુરારી, ડો. સ્વાતી ડી. જેઠવા (મેડીકલ ઓફીસર–મોટા કોટડા), ડો. બી. પી. વાછાણી (મેડીકલ ઓફીસર–ભલગામ), શ્રી રાજીવ મહેતા (બીઆઈઈસઓ– વિસાવદર) તથા આરોગ્ય સ્ટાફનું માર્ગદર્શન મેળવ્યુ હતુ.

**સાચો મિત્ર એ છે જે પડખે રહે છે બાકીની દુનિયા વિરોધ કરે છે.**

## મીંટીગ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, હરીરાજ અને અવિરતના કાર્યકરોની બેઠક તા. ૨/૧૦/૧૧ ના રોજ મળી જેમાં સંસ્થાના વિઝન મિશનને ઘ્યાનમાં રાખી તે અંગે સંસ્થાએ હવે આવતા સમયગાળા દરમ્યાન સંસ્થામાં કરવાની થતી કામગીરી પર ચર્ચા કરવામાં આવી. તેના આધારે ચાલું વર્ષમાં છ માસની કામગીરીની ચર્ચા કરી. જેમા મહિલા ન્યાયસમિતી માં ૭ પ્રશ્નનો ઉકેલ થયો છે, મહિલા સ્વરાજ અભિયાનનો સર્વે કર્યો, અસરનો સર્વે કર્યો, વેધર બેઈઝ ઈન્સ્યોરન્સ માં ૧૦૨ ખેડુતોને જોડયા, ૭ કૌશલ્ય વર્ધક તાલીમ પુર્ણ કરી, વર્ષા વિમા કેમ્પેઈન કર્યુ, પ્રેરણા પ્રવાસ કર્યો, ૮ સેલ્ફ હેલ્ફ ગૃપોએ લોન મેળવી.



હવે પછીના છ માસનુ આયોજન કરવામાં આવ્યું જેમા મહિલા ન્યાયસમિતીમાં રજુ થતા પ્રશ્નો ઉકેલવા, દરેક પ્રવૃતિઓમાં જેન્ડર અભિગમ સ્થાપિત કરવો, સંપુર્ણ સ્વચ્છતા અભિયાનના લક્ષાંકો પુર્ણ કરવા, ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતિની તાલીમો કરવી, કૌશલ્ય વર્ધક તાલીમો કરવી, પ્રેરણા પ્રવાસ કરવો, ફલોરી કલ્ચર / પોલી હાઉસ બનાવવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા, અવિરતનો વ્યાય વધારવો, પાક આધારીત તાલીમો કરવી, માઈક્રો ઈન્શ્યોરન્સ પ્રમોશન, આદિવાસી વિસ્તારની અન્ય યોજનાઓને લોકો સુધી પહોચાડવાની, ૯૨ સેલ્ફ હેલ્ફ ગૃપની લોન માટે કાર્યવાહી, સ્કીલ ડેવલોપમેન્ટ તાલીમ કરવી આવા વગેરે મુદા આયોજનમાં આવરી લેવામાં આવ્યા હતા.

**આત્મ વિશ્વાસ એ સફળતાનું પ્રથમ પગથીયુ છે.**

**આમ સભા**

એકલનારીનું રાષ્ટ્રીય સંગઠન "રાષ્ટ્રિય એકલનારી અધિકાર મંચ" નામે કાર્યરત છે. એકલનારીને લાગુ પડતી સરકારશ્રીની યોજનાઓ તેમના રોજીંદા જીવનની અડચણો માં સામાજીક સ્તરે તેમજ સરકાર સ્તરે કરવાના પ્રયાસો અંગે આ મંચ કાર્યરત છે. જેની આમસભા તા. ૧૧–૧૨ ઓક્ટોબર ના રોજ દિલ્લી ખાતે મળી હતી. જેમાં જુદાજુદા રાજયના ૮૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અમરેલીથી વિજયાબેન કુંકવાવએ આ આમસભામાં આ વિસ્તાર ના પ્રશ્નોની રજુઆત કરી હતી.

**પેપર રીસાયકલ તાલીમ**

પર્યાવરણ સંરક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે અને રીડયુઝ, રીયુઝ અને રીસાયકલ ની બાબતો અપનાવે તે હેતુથી યોજવામાં આવી હતી. તાલીમમાં તા. ૧૬/૧૦/૧૧ ના રોજ મહિલા વિકાસ ગૃહની ૨૦ બહેનો જોડાઈ હતી.

**કૌશલ્ય વર્ધક તાલીમ**

તા. ૧૩ ના રોજ કોડીનાર તાલુકાના રોણાજ ગામે બ્યુટી પાર્લર તાલીમ તથા છાછર ગામે સીવણની તાલીમ શરુ કરવામા આવી. તેમજ તા. ૧૮ ના રોજ માણાવદર તાલુકાના ઈન્દ્રા ગામે પણ સીવણની તાલીમ શરુ કરી.

ગીર ગઢડા તા. ઉના માં અગાઉ શરૂ થયેલ આરીભરત તાલીમ સહિતના તમામ વર્ગોની સંસ્થાના કાર્યકરોએ તા. ૨૨ ના રોજ મુલાકાત લઈ ઉપસ્થિત તાલીમાર્થી બહેનો સાથે ચર્ચા કરી તેઓએ શીખેલા પ્રકરણોની સમિક્ષા તથા હવે શીખવાના પ્રકરણો અંગે આયોજન કરવા સંબંધી ચર્ચા કરી હતી. તાલીમ પુર્ણ થયે આ તાલીમથી મેળવેલી કુશળતાનો પોતાની આવક વધારવામાં ઉપયોગ થઈ શકે તેવી તમામ બાબતો ચકાસી તે અંગે માહિતી આપવામાં આવી હતી.

**ટીએસસી ટીમ સાથે બેઠક**

સંપુર્ણ સ્વચ્છતા અભિયાન સાથે જોડાયેલા કાર્યકરો સાથે તા. ૨૨ ના રોજ એક બેઠક પ્રાચી મુકામે રાખવામાં આવી હતી જેમાં મુખ્યત્વે કાર્યકરોના આયોજનમા જે પ્રવૃતિઓ હાથ ધરાઈ છે તે પ્રવૃતિઓથી રાખવામાં આવેલ લક્ષાંકો સિધ્ધ થતા જોઈ શકીએ અને લક્ષાંકોને સરળતાથી પાર કરી શકાય તે પ્રકારે ગ્રામ્ય સ્તરે પ્રવૃતિઓ હાથ ધરવા અંગે ચર્ચા થઈ હતી. જેમાં ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતીની ત્રિમાસિક બેઠક વખતે દરેક સભ્યોને મળવુ તેમજ અધ્યક્ષની અનુમતિથી તેઓ આ કાર્યમાં જયાં ઉપયોગી થઈ શકે છે તે બાબતો તેમના ધ્યાન પર લાવવી. સ્વ સહાય જુથો તથા ગ્રામ પંચાયત તથા તેમના દ્વારા રચાયેલ સમિતીઓ સાથે પણ ઉકત બાબતો ચર્ચામાં લાવવી અને તેને પરિણામ તરફ લઈ જવી.

*જીવન છે તો મુશ્કેલી છે અને મુશ્કેલી છે તો જ જીવનની કીંમત છે.*

**તહેવાર મહાત્મ્ય**

દિવાળી કે દીપાવલીએ ભારતનો મહત્વપૂર્ણ તહેવાર છે. માનવીની અંદર રહેલા દુર્ગુણો પર સદગુણોનો વિજયના પ્રતિકના રૂપે લોકો માટીના કોડીયામાં દિવેટ બનાવીને તેને પ્રગટાવે છે. દિવાળીનો તહેવાર પાંચ દિવસના સમુહમાં ઉજવાય છે. આ તહેવાર શ્રાવણ અને કારતક મહીનાનો સામુહીક તહેવાર છે. દિવાળીના આ પાંચ દિવસ એટલે ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતુ વર્ષ અને ભાઈ બીજ.

**ધનતેરસ** એટલે લક્ષ્મીજીના પુજનનો દિવસ આ દિવસે લોકો મહાલક્ષ્મીનું પુજન કરે છે અને તે હંમેશા પ્રસન્ન રહે તેવા પ્રયત્ન કરે છે અને સાથે સાથે આરોગ્યના દેવતા ભગવાન ધનવન્તરીનું પણ પૂજન કરી આરોગ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે.

**કાળી ચૌદશ**ના દિવસે ભગવાનશ્રી કૃષ્ણના પત્નિ સત્યભામાએ નરકાસુરનો વધ કરેલ અને અસત્ય પર સત્યનો વિજય થયેલ.

**દિવાળી**ના દિવસે ભગવાનશ્રી રામ રાવણનો વધ કરી સીતાજી અને ભાઈ લક્ષ્મણ સાથે ચૌદ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પરત ફરે છે તેની ખુશીમાં આ તહેવાર ઉજવાય છે.

**બેસતુ વર્ષ** (ગોવર્ધન પુજા) આ દિવસ એટલે હિંદુ કેલેન્ડર પ્રમાણે નવા વરસનો પ્રથમ દિવસ એટલે આ દિવસને બેસતુ વર્ષ પણ કહે છે. વળી આ દિવસે ભગવાનશ્રી કૃષ્ણે કર્મને મહાન ગણાવતા ગોવર્ધન પર્વતની પુજા કરવાનુ કહેલ આથી ઈન્દ્રદેવે ગોકુળમાં અતિવૃષ્ટિ કરી જેનાથી ભગવાનશ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને પોતાની આંગળી પર ઉપાડી ગોકુળવાસીઓનું રક્ષણ કરેલ. ત્યારથી લોકો આ દિવસે ગોવર્ધન પર્વતની પુજા કરવા લાગ્યા અને આ તહેવાર શરૂ થયો.

**ભાઈ બીજ** આ દિવસે ભાઈઓ અને બહેનો મળે છે અને એકબીજા માટેના પ્રેમ તથા લાગણીને અભિવ્યકત કરે છે. આ તહેવાર હાલના રક્ષાબંધનના તહેવાર કરતા પણ વધારે જુનો છે.

અલગ અલગ ધર્મ માટે પણ આ તહેવાર એક આગવું મહત્વ છે.

**હિંદુ ધર્મ** – ભગવાનશ્રી રામ રાવણનો વધ કરી સીતા માતા અને ભાઈ લક્ષ્મણ સાથે ચૌદ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પરત ફરે છે તેની ખુશીમાં આ તહેવાર ઉજવાય છે.

**જૈન ધર્મ** – જૈન ધર્મ માટે આ તહેવાર એટલે ઈસ.પૂર્વે મહાવીર સ્વામી દ્વારા મેળવવામાં આવેલ નિર્વાણનું પ્રતિક છે.

**શીખ ધર્મ** – જહાંગીર દ્વારા ગ્વાલીયરના કિલ્લામાં અન્ય ૫૬ રાજાઓ સાથે શીખ ધર્મના છઠા ધર્મગુરૂ ગુરૂ હરગોવિંદજી ને બંદી બનાવવામાં આવેલ પણ આ દિવસે તેમને મુકત કરાયા ત્યારથી દિવાળીના દિવસે અમૃતસર શહેરને ઝગમગાવવામાં આવે છે.

***ક્ષમા આપવી સારી બાબત છે પણ, તેને ભુલી જવું તેનાથી વધુ સારી વાત છે.***

**Well wisher of this month**

| | |
|---|---|
| 15000 | D V Vagadia |
| 5400 | Hardik Vagadia |
| 840 | Velladurai Raj |
| 840 | Jaya Jethani |
| $19.91 | Prabir Sarkar |
| 1369 | Manu Bhatnagar |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– **ટપક ટીમ**

**Angage on this month**

| | |
|---|---|
| 11-12 | Ekalnari manch Aam Sabha (Annual general meeting - Delhi) |
| 11 | Orientation visit on VH & SC Training - Visavadar, Junagadh |
| 13 | Start training for Skill Develop at Ronaj, Chachr (Kodinar) |
| 15-16 | Paper recycle training, Amreli |
| 18 | Start training for Skill Develop at Indra (Manavadar) |
| 19 | GSSCL's visit with farmers of 6 villages of Khambha |
| 22 | Organisational visit of Girgadhada, Ronaj and Chachar training |
| 22 | Meeting with TSC team at Prachi |
| 29-31 | Field Visit at Dharampur. |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઇચ્છા દુઃખની માં છે.**